





ન્યાય માટે પીડિતોની ધીરજ ખૂટી જશે!
આમ ને આમ, સામાજિક મૂલ્ય તૂટી જશે!
ફૂટી જશે ભંડો, ફાસ્ટ ટ્રેક ન્યાયનો પણ -
નરપિશાચો નાબાલિગ થઇ છૂટી જશે!




તાંત્રિક મંત્રે
ઉજવાય ઉત્સવો -
પ્રાણ વિનાના..
(અવ્યવસ્થા-નિરસ કાર્નિવલ)

આવે સપનાં,
હવે એમને પણ -
દેખાય દિલ્હી..
(સપનાં ના સોદાગર)

## ચિંતન

**વ્યાલં બાલમૃણાલ તંતુ ભિરસૌ રાદધું સમુજ્જંભતે છેત્તું વજમણી જિંશરીષ કુસુમ પ્રાંતેન સન્નંહતિ ।**
**માધુર્ય મધુબિંદુના રચયિતું ક્ષારામ્બુ ધેરીહતે નેતું વાંછતિ યઃ ખલાન્યથિ સતાં સૂક્તૈઃ સુધાસ્યાંદિતિઃ ।**

ભતૃહરિના નીતિશતકનો આ શ્લોક છે :

'જે માનવી અમૃત ટપકતાં સુંદર વચનોથી દુર્જનોને સજ્જનતાના માર્ગે લઇ જવાની ઇચ્છા રાખે છે, તે મનુષ્ય દુષ્ટ હાથીને કોમળ વિસતંતુ વડે કાબૂમાં રાખવાની ચેષ્ટા કરે છે, શિરીષના ફૂલના આગળના ભાગથી હીરાને છેદવા તૈયાર થાય છે અને માત્ર મધના એક ટીપાંથી ખારા સમુદ્રને મીઠો બનાવવા ઇચ્છે છે. અર્થાત્ કોઇ પણ માનવી ગમે તેટલા પ્રયત્ન નિષ્ફળ જ જવાના એટલું જ નહીં આવી ચેષ્ટા 'મૂર્ખાઇ' ભર્યા પ્રયાસ જ સાબિત થાય છે.'

સમાજમાં સજ્જનો અને દુર્જનો પણ હોય છે, કેટલાંક સામાજિક તત્ત્વો, નરાધમ-રાક્ષસો પણ હોય છે, એમના માટે સજ્જનો માટે 'સ્પીડ બ્રેકર'નું કાર્ય પણ કરતાં હોય છે. કેટલાકે લોકોમાં શક્તિ તો અપાર હોય છે પણ એનો ઉપયોગ સાચી-યોગ્ય દિશામાં કરતા નથી. ઉલ્ટું સજ્જનના સત્કાર્યોમાં મુશ્કેલી રોળાં નાખે છે. આવા લોકોને સુધારવાનો પ્રયત્ન નિરર્થક જ છે. એ સમજાવવા અહીં દૃષ્ટાંત આપ્યાં છે.

કોઇ દુષ્ટને મધુર વચનથી સમજાવી શકાય? કોઇ તોફાની હાથીને કમળના છોડ જેવા તંતુના અંકૂશથી કાબૂમાં રાખી શકાય? એક બિંદુ મધના ટીપાંથી સમુદ્રને મીઠો બનાવી શકાય?

## સુવિચાર

- બીજાના ભાગ્ય પર નિર્વાણ કરનારા હંમેશાં દુખી થાય છે - **વિદુરજી**
- નમ્રતા જ્ઞાનનો માપદંડ છે - **મહાવીર સ્વામી**
- વિષય-યુક્ત તૃષ્ણા જેને પકડી લે છે તે માનવીનું દુખ જંગલી ઘાસની માફક સતત વધતું રહે છે - **બુધ્ધ**
- યાદ રાખો, સૌથી વધુ મહત્ત્વની ખેતી અનાજની નહીં સદ્‌ગુણોની ખેતી છે, સદ્‌ગુણો વાવો, બીજું બધું તો આપોઆપ ઉગી નીકળશે - **કોન્ફ્યુશિયસ**
- સંસારને સમજવા માટે, સંસારમાં રહેવું પડે - **લાઓત્સે**
- ઉદ્દેશ શુભ ન હોય તો 'જ્ઞાન' પણ પાપ બને છે - **સોક્રેટીસ**
- દ્વેષ માણસને બાંધી રાખે છે - **એરિસ્ટોટલ**

## બોધ કથા

જો સિધ્ધાંતમાં આપણે સત્યને પકડી રાખીએ તો બધાં જ સદ્‌ગુણ આપોઆપ એની પછવાડે આવે છે.

રાજા સત્યકેતુ એક સંધ્યાકાળે કોઇની સ્મશાનયાત્રામાંથી પરત આવી મહેલના દરવાજામાં દાખલ થતો હતો. સામે એક દિવ્ય દેખાતી અજાણી સ્ત્રી મળી. રાજાએ એને પૂછ્યું, દેવી તમે કોણ છો?

દેવી કહે, હું રાજલક્ષ્મી છું, સાચં પૂજા-આરતી થયાં નથી તેથી હું રાજમહેલ છોડી જાઉં છું, રાજા આગળ વધ્યો.

એવો જ દિવ્ય પુરૂષ સામે મળ્યો, રાજાએ તેને પૂછ્યું, આપ કોણ છો?

પુરૂષે કહ્યું હું સદાચાર છું મહેલની રાણીઓ આચારનું પાલન કરતી નથી હું અપવિત્ર વાતાવરણમાં રહેતો નથી.

રાજાએ એને જવા દીધો.

સામે એક સુંદર દિવ્ય બાળક મળ્યું. રાજાએ એને પૂછ્યું, તમે કોણ છો?

બાળક કહે હું 'સત્ય' છું.

રાજા કહે મેં તમને જીવના ભોગે પણ સાચવ્યું છે તમારૂં જતન કર્યું છે. તમારે કારણે લક્ષ્મી અને સદાચારને પણ મેં છોડ્યા છે પણ તમને નહીં છોડું.

સત્યને સંકોચ થયો. રાજાને વળગી પડ્યું અને રાજમહેલમાં પાછું ફર્યું. તેને જોઇ લક્ષ્મી અને સદાચાર પણ પાછા આવ્યાં.

સત્યને પકડી રાખો બીજું બધું આપોઆપ આવશે.

# આપણે એવી પ્રાર્થના કરવી જોઇએ કે જેનાથી આપણા દુઃખો દૂર થાય અને મનને શાંતિ મળે

## હું રસ્તે રઝળતી વારતા

**- અચના પટેલ**

ભારતભરમાં દરેક ઘેર ભગવાનની આગળ દીવો કરવામાં આવે છે. કેટલાંક ઘરોમાં સવારે દીવો કરવામાં આવે છે અને કેટલાંક ઘરોમાં સવારે અને સાંજે. કેટલાંક ઘરોમાં અખંડ દીપક જલતો રખાય છે. રોજિંદી પૂજા, ધાર્મિક પ્રસંગોનો શુભારંભ દીપક પ્રાકટ્યથી કરવામાં આવે છે અને પ્રસંગ પૂરો થાય ત્યાં સુધી દીપકને જલતો રાખવામાં આવે છે.

પ્રકાશ જ્ઞાનનું પ્રતિક છે અને અંધકાર અજ્ઞાનનું. ઇશ્વર જ્ઞાનનો પુંજ છે, તે ચૈતન્ય સ્વરૂપ છે, તેથી ઇશ્વરરૂપે પ્રકાશની - દીપકની આરાધના કરવામાં આવે છે

પ્રકાશ અંધકારનો નાશ કરે છે તેવી જ રીતે જ્ઞાન અજ્ઞાનનો નાશ કરે છે. વળી, જ્ઞાન એવી આંતરસંપત્તિ છે કે જેના થકી સર્વ પ્રકારની બાહ્ય સિધ્ધિઓ પ્રાપ્ત કરી શકાય છે, માટે સર્વે સંપત્તિઓમાં મહત્ત્સંપત્તિ રૂપે જ્ઞાનને આપણે આપણે વંદન કરીએ છીએ. આપણાં સારા - નરસાં સર્વ કર્મોનો આધાર જ્ઞાન છે, તેથી જ શુભ પ્રસંગોમાં આપણા સર્વ વિચારો અને કર્મોના સાક્ષીરૂપે દીપકને આપણે જલતો રાખીએ છીએ.

આપણે વીજળીનો ગોળો કે ટ્યુબલાઇટ કેમ નથી કરતાં? એ પણ અંધકારનો નાશ તો કરશે જ, પણ ઘીના અથવા તેલના દીવાનું વિશેષ આધ્યાત્મિક મહત્ત્વ છે. દીવામાનું ઘી આપણી વાસનાઓનું કે નકારાત્મક વૃત્તિઓનું પ્રતીક છે ને વાટ અહંનું. આધ્યાત્મિક જ્ઞાન વડે વાસનાઓને ધીમે-ધીમે ક્ષય થાય છે અને અંતે અહં પણ નાશ પામે છે. દીપકની જયોત સદાય ઊર્ધ્વગામી છે. એ જ રીતે, આપણે પણ ઉચ્ચત્તમ આદર્શો પ્રતિ ગતિ થાય એવું જ્ઞાન સંપાદન કરવું જોઇએ.

એક વિદ્વાન માણસ પોતાનું જ્ઞાન અનેકને આપી શકે છે. તેમ જ દીપક સેંકડો દીપક પ્રગટાવી શકે છે. બીજા દીપકોને પ્રગટાવવા છતાં મૂળ દીપકનો નાશ થતો નથી કે કંઇ ઝંખવાતો નથી. બરાબર તેવી જ રીતે, જ્ઞાનનું અનેકોમાં વિતરણ કરવાથી જ્ઞાન વધારે તર્કશુધ્ધ બને છે. જ્ઞાનમાં આપણી નિષ્ઠા વધારે પાકી બને છે. આ પ્રક્રિયામાં જ્ઞાનના દાતા અને પ્રદાતા બંને સમૃધ્ધ થાય છે.

મોટે ભાગે દરેકના ઘરમાં પૂજાખંજ હોય છે. ત્યાં દરરોજ દીવો કરીને ભગવાનની પૂજા કરવામાં આવે છે. અહીં જપ, ધ્યાન, પ્રાર્થના, ભજન વગેરે પણ થાય છે. જન્મદિવસ, પુણ્યતિથિ, ઉત્સવો વગેરે શુભ પ્રસંગોએ વિશેષ પૂજા કરવામાં આવે છે. પરિવારના નાના-મોટા સૌ સભ્યો ભેગા મળીને અહીં ભગવાનની પૂજા કરે છે.

ઇશ્વર સકળ સૃષ્ટિના માલિક છે. આપણે રહીએ છીએ તે ઘરનાં પણ તે સાચા માલિક છે. ઘરનો પૂજાખંડ એ મુખ્ય ખંડ છે, માલિકનો ખંડ છે. પૂજાખંડ ઘરનું હાર્દ છે. બધી સંપત્તિ ઇશ્વરે જ આપેલી છે. આપણે તો ફક્ત ભાડુઆત છીએ. આ ભાવના આપણા મિથ્યા ગર્વ અને 'મારા'પણાનો નાશ કરે છે.

જે પૂજાખંડમાં બેસે છે, તેમના મનને પવિત્ર વિચારો પ્રભાવિત કરે છે. પૂજાખંડમાં કરવામાં આવતા ધ્યાન, પ્રાર્થના, જપ અને તપથી સર્જાયેલા પાવનકારી વિચારોનાં આંદોલન તેમાં પ્રસરેલાં હોય છે. આપણે થાકી ગયેલા કે અશાંત હોઇએ ત્યારે પૂજાખંડમાં થોડો સમય બેસવા માત્રથી આપણે સ્વસ્થ થઇને ઉન્નત ચેતનાનો અનુભવ કરીએ છીએ.

આપણે કોઇને મળીએ ત્યારે નમસ્તે કહીને તેનું અભિવાદન કરીએ છીએ એ નમસ્તે બોલતી વખતે બે હાથ જોડીને મસ્તક નમાવાય છે, આપણાથી નાના, સમવયસ્કી, આપણાથી ઉંમરમાં મોટા, મિત્રો અને અપરિચિતો સૌને નમસ્તે કરીને આવકારાય છે.

નમસ્તે વિધિસરનો આવકાર છે, એક સાંસ્કૃતિક પ્રણાલિકા છે અને એક પ્રકારની પૂજાવિધિ પણ છે. તેમાં દેખીતી જે ક્રિયા થાય છે, તેથી ઘણો વધારે અર્થ રહેલો છે. નમસ્તે. આનો અર્થ છે 'હું તમને વંદન કરૂં છું, હું તમારૂં સ્વાગત કરૂં છું.'

નમસ્તે બોલતી વખતે આપણે વડીલોનાં અને માતા-પિતા, ગુરૂજનો, સંત-સાધુઓને નમીને તેમને ચરણસ્પર્શ કરીએ છીએ. ત્યારે વડીલો આપણા માાથે હાથ મુકીને આશીર્વાદ આપે છે. કોઇ નવા કાર્યનો આરંભ જન્મદિવસ, ઉત્સવદિવસ એમ અનેક મહત્ત્વના પ્રસંગે તેમની ચરણવંદના કરીએ છીએ.

ચરણસ્પર્શ કરવા એ વડીલોની વય, પ્રૌઢત્વ, ખાનદાની, ચારિત્ર્ય અને દેવત્વનો આદર કરવાનું પ્રતિક છે. તેમણે આપણા માટે આપેલો ભોગ, લીધેલા કાળજી અને સ્વાર્થહિત પ્રેમની ઓળખ આપણને છે, તેવું સૂચવે છે.

આપણા વડીલોને પગે ચરણસ્પર્શ જરૂર કરીએ છીએ પણ પગ નથી અડાડતા કેમ? સાથે કાગળ કે પુસ્તકોને પગ અડાડતા નથી. આપણને બાળપણથી ઘરમાં શીખવવામાં આવે છે કે કાગળ, પુસ્તકો અને માણસોને એમાંય ખાસ વડીલોને કદી પગ ન અડાડાય. અજાણતાં કોઇ વાર કાગળ, પુસ્તકો, સંગીતનાં વાદ્યો કે કોઇ પણ શિક્ષણ સાધનેને પગ અડકી જાય તો જે વસ્તુને પગનો સ્પર્શ થયો હોય તેને માનપૂર્વક હાથ અડાડી ક્ષમાભાવનાના પ્રતીકરૂપે, હાથને આંખે અડાડીએ છીએ.

ભારતીયોને મન જ્ઞાન પવિત્ર અને દિવ્ય ગણાય છે. તેથી તેનું સદાય સન્માન કરવું જોઇએ. આજકાલ વિવિધ વિષયોને ધાર્મિક કે આધ્યાત્મિક અને ધર્મનિરપેક્ષ કે ભૌતિક એમ બે ભાગમાં વહેંચવામાં આવે છે, પણ પ્રાચીન હિન્દુસ્તાનમાં બધાં જ વિષયો - વિદ્યાકીય કે આધ્યાત્મિકને પવિત્ર ગણીને ગુરૂ પોતાના શિષ્યોને તે ભણાવતાં હતા.

શિક્ષણ સાધનને પગ નહિ અડાડવાની આપણી પરંપરા, આપણી સંસ્કૃતિમાં જ્ઞાનને કેવું ઉચ્ચ સ્થાન અપાયું હતું તેની આપણને સતત યાદ આપે છે. ખૂબ નાની ઉંમરથી આવી સમજ પુસ્તકો અને જ્ઞાન માટે આપણા મનમાં આદરભાવ જગાડે છે. આ જ કારણે આપણે વરસમાં એક દિવસ પુસ્તકો, વાહનો અને ઓજારોથી આયુધપૂજન વખતે પૂજા કરીએ છીએ. ખરેખર તો, દરરોજ અભ્યાસ શરૂ કરતાં પહેલાં આપણે પ્રાર્થના કરીએ છીએ.

પ્રાર્થનાના અંતે આપણે ત્રણ વાર શાંતિ બોલીએ છીએ. શાંતિ આત્માની સહજ અવસ્થા છે. આપણા પોતાના થકી કે બીજાઓ વડે જ ક્ષોભ ઉત્પન્ન થાય છે. દા.ત. કોઇ પણ સ્થળે જયાં સુધી કોઇ અવાજ ન કરે ત્યાં સુધી ત્યાં શાંતિ પ્રવર્તતી હોય છે. આપણા સઘળાં ક્ષોભના મૂળમાં અશાંતિ રહેલી છે. જયારે અશાંતિનો અંત આવે છે. ત્યારે શાંતિ અનુભવાય છે. કારણ કે તે તો ત્યાં સદાય હતી જ. જયારે શાંતિ અનુભવાય છે, કારણ કે તે તો ત્યાં સદાય હતી જ. જયારે શાંતિ હોય છે. ત્યારે સુખ હોય છે. તેથી નિરપવાદરૂપે દરેક વ્યક્તિ જીવનમાં શાંતિ ઇચ્છે છે. તેમ છતાં, અશાંતિના આવરણ નીચે ઢંકાયેલી હોવાથી આંતરબ્રાહ્ય શાંતિ પ્રાપ્ત કરવી અઘરી લાગે છે. બાહ્ય ધાંધલ અને મુસીબતો વચ્ચે પણ અંદર શાંત રહી શકે એવો તો કોક વિરલા જ હોય છે. શાંતિનું આહવાહ કરવા માટે આપણે પ્રાર્થના કરીએ છીએ. પ્રાર્થના કરવાથી અશાંતિ અને મુશ્કેલીઓનો અંત આવે છે અને બહારની અશાંતિ છતાં આંતરિક રીતે શાંતિ અનુભવાય છે. એટલે પ્રાર્થનાના અંતે ત્રણ વખત શાંતિ બોલાય છે.

આપણે નિષ્ઠાપૂર્વક ઇશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે જયારે આપણે વિશેષ કાર્યો હાથ ધરીએ ત્યારે આપણા દૈનિક જીવનમાં દુઃખ ન આવે. આપણે એવી પ્રાર્થના કરવી જોઇએ કે જેનાથી આપણા દુઃખો દૂર થાય અને મનને શાંતિ મળે.

# જન ચેતનાને સંકોરવાની ક્ષમતા ધરાવતી અને ઉર્ધ્વ જીવનના આદર્શોની દિશા ચિંધતી પ્રાસાદિક કાવ્યકૃતિઓ

## શબ્દી સમીપે


**- નટવર હેડાઉ**

સદ્‌વિચારનું સદ્‌ભાગ્ય છે કે તેની સંપર્કમાં આવનાર સૌ કોઇનાં હૃદયમાં સદ્‌ભાવ જાગે છે. ત્યારે સાહિત્યનો જીવ પોતાની કલમને કાળજાની શાહીમાં ઝબોળીને કંઇક વૈવિધ્યપૂર્ણ સાહિત્ય સર્જન કરે છે.

જિંદગીના કેટલાક પ્રસંગો, બનાવો અને ઘટનાઓ રોજબરોજના જીવનમાં ફેરફાર કે પરિવર્તન માટે દિશા સૂચક થઇ નિયતિ તરફ દોરી જાય છે. નિવૃત્તિમાં પ્રવૃત્તિનાં સોનેરી સમયગાળામાં સાહિત્યક્ષેત્રે સદ્‌વાંચન, મનન, મંથન, તેમજ પારિવારિક ધાર્મિક સંસ્કારો, અંતરનાં કોઇ ખૂણે પડેલ કાવ્ય સર્જકનું બીજ સૂકી ધરતી પર પહેલાં વરસાદનું જળ સિંચન થતાં જ અંકુર રૂપે ઉગી નીકળે તેમ અંતઃસ્ફૂરણાના ઝરણાઓમાંથી પદ્યકૃતિઓ લયબધ્ધ રીતે સ્ફૂટી ઉઠે તેમાં પણ ગાંધીનગર જેવા અત્યંત આહ્‌લાદક સુંદર, સ્વચ્છ અને લીલોતરી સભર પર્યાવરણમાં રહેતા સર્જકને લેખન તરફ ન દોરે તો જ નવાઇ લાગે.

જિંદગીની પ્રત્યેક પળને જીવી જાણી આવતી પળનું સ્વાગત કરવા તત્પર એવા ગાંધીનગરના સર્જક સુમન્તભાઇ શાહ કાવ્યગ્રંથ મલ્યો છે. તરફથી તેની વાત આજે માટે આપની સમક્ષ કરવી છે.

સમ્યક દર્શન એવો કાવ્ય સંગ્રહ છે. જેમાં કવિએ પોતાની આગવી શૈલીમાં ૫૧ જેટલી પદ્યરચનાઓ આપી છે. આ કાવ્યો, આધ્યાત્મિક પિપાસાના પેય પિયુષ કુદરતી પર્યાવરણનાં પરિવેશમાં આંતરિક ગુણ સાધનામાં પોષક અને પ્રેરક થઇ કોઇ ભાવક અને ઉત્કૃષ્ટ જીવન તરફ અભિમુખ કરી આધ્યાત્મિક ઉત્કર્ષ તરફ દોરી જવામાં દિશાસૂચક નિવડશે એવી શ્રધ્ધા સાથે સેવા ભક્તિ દ્વારા સરળ, નિર્મળ સંસ્કારી જીવન પ્રણાલીનો સંદેશ આપી ઇશ્વરમય સાયુજ્ય અને પરમાનંદની અનુભૂતિ કરાવશે તેવો આશાવાદ કવિએ વ્યક્ત કર્યો છે.




તો આ કાવ્યો માટે વરિષ્ઠ સાહિત્યકાર, કવિ ડૉ. કેશુભાઇ દેસાઇએ તેમનાં પરિચય લેખમાં 'ઉર્ધ્વ ચેતનાની ફૂલ છાબડી' કહીને રચનાઓને વધારી છે. તેઓ કહે છે કે કાવ્યસર્જન એ ચૈતસિક પ્રસન્નતાની સહજ અભિવ્યક્તિ છે. સિધ્ધ કવિઓને પણ કૃષ્ણ વગર ચાલ્યું નથી. તો અહીં એક સમર્થિત પુષ્ટિમાર્ગી ભક્ત કવિ છે. જેને માટે શબ્દો તો કૃષ્ણના ચરણોમાં ચડાવવાનાં સુગંધિત પુષ્પો જ બની રહે છે. 'સમ્યક દર્શન' શીર્ષક જેટલું આધ્યાત્મનું ધતિક છે, એટલી જ એમાં સમાવાયેલી કૃતિઓ સહજ અને સરળ છે. કયાંય કશું આડંબર નહીં, વરણાગીવેડા નહીં, કે સાહિત્ય જગતના સૌંદર્યશાસ્ત્રની પ્રમાણિત ભાષામાં ગોઠવાઇ જવાની લાલચ પણ નહીં, બધું સહજ, કૃષ્ણભાવે એમનાં હૃદયમાં પાંગરેલાં સંવેદનો જેવાં છે તેવાં એમણે સમભાવે એમનાં આધ્યાત્મને ધરી દીધા છે. કેદર્વ ચેતનાની આ ફૂલ છાબડીમાં કવિનું નિજ સ્વરૂપ સતત ડોકાતું રહે છે.

એકાવન કૃતિઓનાં આ સંકલનમાં પહેલું કાવ્ય પરમેશ્વરની સ્તુતિ છે. કવિ તેમનાં કાવ્યના શબ્દને સંગીતમાં મઢીને એનો આસ્વાદ માણતા રહે છે. તેથી એમનાં ઘણાં બધાં કાવ્યો ગેય છે. એ તેમની વિશેષ ઉપલબ્ધિ છે. ગંભીર વિષયોને કાવ્ય સ્વરૂપમાં ઢાળવાનો પ્રયાસ કરતાં કયારેક તેઓ વ્યાખ્યામાં સરી પડતાં લાગે છે. 'શાંતિ', 'આરાધના', 'જ્ઞાન,' 'પરમ તત્ત્વ-પરમાત્મા', 'રાજવી માનવ', 'ત્રિગુણાતીત સંત', 'કે 'જિંદગી' જેવી રચનાઓમાં કવિની કવિતા કરતાં વ્યાખ્યા-વિવેચન વધારે પ્રભાવ બની રહ્યાં છે. તો વળી કવિ પ્રકૃતિના વિવિધ રંગોમાં સરી પડે છે ત્યારે તદ્દન જુદી જ બાનીમાં બોલતાં જણાય છે. પ્રકૃતિમાં પણ એમને જીવનનો સાચો મર્મ ચાક્ષુષ થાય છે.'

'શું વૈકુંઠ કે સ્વર્ગ હશે અન્ય લોકમાં?' એવો પ્રશ્ન કરતા કવિ બીજી પંક્તિમાં જવાબ પણ આપી દે છે કે -

'ના ના, એ તો અહીં જ છે - આ જ જીવનમાં' ત્યારે કવિની ચેનતા સૌંદર્યની ક્ષિતિજો આંબતી વરતાય છે. જુઓ આ કડી ગમી જાય તેવી છે.

''આથમતી સંધ્યાએ વીજ ઝબકારો થયો,
તે હું તું ને ક્ષિતિજમાં પામી ગયો સહેજે.''

તો વળી કેટલાંક લઘુ કાવ્યો પણ માણવા જેવાં છે.

'ગમ્મત ગમ્મતમાં વાદવિવાદ,
વાતનું થાય વતેસર,
સંબંધોમાં પડે તિરાડ'

તો વળી બીજા એક લઘુ કાવ્યમાં કવિ કહે છે કે,

'ભમરડો ભમ્યા કરે પંખા જેમ,
ભ્રમર ગુંજારવ કરે ભમરી જેમ,
અનિત્ય જગત નિત્ય જમે વ્યાપે'

તેની સાથે સાથે 'મેઘરાજાની પધરામણી', 'વર્ષા અનરાધાર', 'વસંત આવી', 'શાતા પ્રદાતા' અને સોનું વરસે છે. જેવાં પ્રકૃતિ કાવ્યોમાં કવિની ચેતના પ્રસન્નકર બની મહોરી છે. તો એમનાં સ્થાયી ભાવની અભિવ્યક્તિમાં ભક્તિ કાવ્યોમાં એ શુધ્ધ વૈષ્ણવ સ્વરૂપે વ્યક્ત થયા છે. ખીલ્યા છે. એમનાં કોઇ પણ પદ વૈભવ કે સિધ્ધિ કરતાં ગોપીભાવથી શ્યામના દર્શનની મહિમાવંત ઝાંખી કરાવે છે.

જનચેતનાને સંકોરવાની ક્ષમતા ધરાવતી અને ઉર્ધ્વ જીવનના આદર્શોની દિશા ચીંધતી પ્રાસાદિક કાવ્યકૃતિઓ આપણી સંસ્કૃતિ અને સંસ્કારની ભાષાને સર્વસુલભ બનાવે છે.

'સમ્યક દર્શન' ના કવિ સુમંતભાઇ શાહ આમ તો પોતે અર્થશાસ્ત્ર, આંકડા અને અહેવાલની દુનિયાની જીવ, પરંતુ એક સંનિષ્ઠ અધિકારી હોઇ નિવૃત્ત કાળને ભક્તિ અને પ્રકૃતિની સંગીત-સૂરાવલી દ્વારા કવિતાના રંગે રંગી એક નવો રાહ ચીંધે છે. ત્યારે એમની આ સ્વાન્તઃ સુખાય શબ્દ-સાધનાને આવો આપણે સૌ અંતઃકરણ પૂર્વક આવકારીએ.

**સમ્યક દર્શન (કાવ્ય સંગ્રહ) કવિ : સુમંતભાઇ મ. શાહ**
**પ્રકાશક : ડો. સંજય એમ. શાહ**
**'સમર્પણ' પ્લોટ નં. ૧૨૫૫/૧, સેકટર-૭ડી, ગાંધીનગર.**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૨, કિંમત રૂા. ૩૦/-**

# આતંકવાદના દૂષણથી ઘેરાયેલા મુસ્લિમ તાલીબાની સમાજને જાગ્રત કરવાનો સંદેશ આપતી ફિલ્મ વિશ્વરૂપમ્

## ચેતનાનો સમય

**- પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ**

કમલ હસન નિર્માતીત ફિલ્મ વિશ્વરૂપમ્ ઉપર તામિલનાડુ સરકારની જયલલિતાએ રાજકીય લાભ ખાટવા રોક લગાવીને મુસ્લિમ સમાજને ગેરમાર્ગે દોરીને મુસ્લિમ મતો ઉલેચવાનો બદઇરાદો રાખ્યો હોય તેમ વિશ્વરૂપમ્ ફિલ્મ પાટનગરના મલ્ટીપ્લેક્ષ સિનેમાઘરમાં નિહાળીને સમજાયું છે. અફ્ઘાનિસ્તાન અને બીજા કેટલાંક દેશોમાં આતંકવાદ ફૂલ્યોફાલ્યો છે અને આ તાલીબાની આતંકવાદી જૂથો પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા અને પોતાની તાકાતનું પ્રદર્શન કરવા વિવિધ દેશોમાં ભારત સહિત આતંકવાદી પ્રવૃત્તિઓ આચરતાં રહે છે.

આવી પ્રવૃત્તિઓને જીવંત રાખવા આતંકવાદી તાલીબાની સંગઠનો તેના સભ્યોને ખતરનાક તાલીમ આપે છે. તેના બાળકોને અભ્યાસ કરાવવાને બદલે બચપણથી જ આતંકવાદી પ્રવૃત્તિમાં જોતરવા તાલીમ આપે છે. તેના બાળકોને ડોકટર થવું છે, ભણવું છે પણ તેની ઇચ્છાઓને દબાવી દેવામાં આવે છે. અફ્ઘાનિસ્તાનને તાલીબાની આતંકવાદથી મુક્ત કરવા કમર કસી છે. તાલીબાની આતંકવાદીઓ માટે અમેરિકનો અને ગોરાઓ તેના દુશ્મનો છે. તેવું તેના સભ્યોને ઠસાવવામાં આવે છે એ તેઓને ક્રૂર રીતે રહેંસી નાખવામાં આવે છે. ફિલ્મમાં ભારતમાં વિવિધ ઠેકાણે કરવામાં આવેલાં આતંકવાદી હૂમલાઓનો નિર્દેશ કરાયો છે. ફિલ્મમાં આતંકવાદી પ્રવૃત્તિઓનાં જોડાયેલાં તાલીબાનીઓ મુસ્લિમો છે. તેઓ પોતાના ધર્મની આડશમાં આવી માનવ સમાજને હાનિકારક તેમજ મુસ્લિમ સમાજને હાનિકારક એવી આતંકવાદી પ્રવૃત્તઓ આચરતાં સંગઠનોને નામશેષ કરવાના ઇરાદાથી કમલ હસન આતંકવાદી સંગઠનમાં સામેલ થઇને આતંકવાદના જડને પુરેપૂરુ ઓળખવા જીવ સટોસટનો પ્રયત્ન કરે છે. ફિલ્મનો મૂળભૂત ઉદ્દેશ આતંકવાદને તાલીબાની સંગઠનને નેસ્તનાબૂદ કરીને માનવ સમાજ અને મુસ્લિમ સમાજને સુંદર એવું વિશ્વસ્વરૂપ આપવાનો સંદેશો છે. ફિલ્મમાં આતંકવાદી પાઠશાળાઓની હિંસક પ્રવૃત્તિઓ અને આતંકવાદી તાલીમ શાળાઓને પ્રદર્શિત કરાઇ છે. ફિલ્મમાં મુસ્લિમ સમાજને હલકો ચિતરવાનો બિલકુલ ઇરાદો નથી. પરંતુ માનવ સમાજ અને મુસ્લિમ સમાજને માટે હાનિકાલક એવી તાલીબાની પ્રવૃત્તિ અને આતંકવાદી પ્રવૃત્તિઓ જોડાયેલાં એવા ગેરમાર્ગે દોરાયેલાં મુસ્લિમોને પ્રદર્શિત કરાયા છે. ફિલ્મનો મૂળભૂત આશય મુસ્લિમ સમાજમાં શિક્ષણને ફેલાવો કરીને મુસ્લિમોને આતંકવાદી પ્રવૃત્તિમાં ઢસડાતા અટકાવવાનો છે. પિકચરમાં એકબાજું આતંકવાદી બંદગી કરતાં અને અલ્લા - હો - અકબરના નારા લગાવતા બતાવવામાં આવે છે તો બીજી બાજુ નરસંહાર કરતી ઘાતકી આતંકવાદી પ્રવૃત્ત કરતાં બતાવવામાં આવે છે. મુખમેં અલ્લાહ ઔર બગલ મેં બોમ્બ, આને કેવી બંદકી કે આ તે કેવો ધર્મ જે પાપાચાર આચરે છે!!!

અંતમાં આતંકવાદી પ્રવૃત્તિ આચરતાં તાલીબાનીઓને અડ્ડાઓને નેસ્તનાબૂદ કરતા દૃશ્યોને હૃદયને હચમચાવી નાખે તેવા ધડાકાઓ, મકાન ફાડી નાખે તેવા પ્રદર્શિત કરાયા છે તેમજ આતંકવાદી પ્રવૃત્તિઓ કરતાં મુસ્લિમ તાલીબાની સંગઠનો વિવિધ દેશોમાં આતંકવાદી હૂમલાઓ કરતાં દર્શાવવામાં આવ્યો છે, અને તે માટે હૃદય હચમચાવી નાખે તેવા અને દયાહીન એવી અરેરાટી ફેલાવે તેવા આતંકવાદી દૃશ્યો બતાવીને કમલહસન એવો સંદેશ આપવા માંગે છે કે મુસ્લિમ સમાજ ખરાબ નથી પરંતુ મુસ્લિમ સમાજને ગેરમાર્ગે દોરીને આતંકવાદી પ્રવૃત્તિઓમાં જોતરવા માટે જે રીતે મુસ્લિમ તાલીબાની સમાજ જે રીતે મુસ્લિમ તાલીબાની સમાજ પોતાનો વ્યાપ વધારી રહ્યો છે અને તેના દૂષણોથી મુસ્લિમ સમાજ અને માનવ સમાજ પીડિત છે. તેમાંથી મુક્ત કરવા અને મુસ્લિમ સમાજનું નવ નિર્માણ કરવાનો સંદેશો છે. અંતમાં આતંકવાદી જૂથોને નામશેષ કરાય છે. ત્યારે તાલીબાની નેતા એવાં આતંકવાદીને સમજાય છે કે બીજાનો વિનાશ કરવા પોતાનાં સમાજનો વિનાશ થઇ જાય છે.

છેલ્લે આતંકવાદી નેતાને સમજાય છે કે મુસ્લિમ સમાજમાં જાગૃતિ લાવવા શિક્ષણ જરૂરી છે અને આતંકવાદી પ્રવૃત્તિથી પછાત રહી જાય છે એટલે મુસ્લિમ સમાજને જાગૃત કરવા તેમજ આતંકવાદમાં જોતરાતા અટકાવવા માટે અને વિશ્વના કલ્યાણ માટે મહાન સંદેશો આપીને દુનિયાને એક સુંદર અને શાંતિયુક્ત એવું વિશ્વરૂપ આપવાનો મહાન સંદેશ છે. તામિલનાડુના મુખ્યમંત્રીએ મુસ્લિમ મતોને ઉલેચવા આ ફિલ્મ ઉપર પ્રતિબંધ મુકીને મુસ્લિમ સમાજને ગેરમાર્ગે દોરવાનું સ્વાર્થી કૃત્ય કર્યું છે. પરંતુ ગુજરાત રાજય સરકારે આ ફિલ્મને પ્રદર્શિત કરવા દઇને ફિલ્મના જે ઉદ્દેશો છે તે ઉદ્દેશોને સાર્થક કરવા મોદી સરકારે મુસ્લિમ સમાજમાં નવનિર્માણ કરવાનો અને તેઓના ઉધ્ધાર માટેના કમલ હસનના પ્રયત્નોમાં હાથ મિલાવ્યા તે માટે મોદી સરકારને લાખ લાખ અભિનંદન.

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૪થી ફેબ્રુઆરી**



- ભૌતિક વિજ્ઞાનનાં પ્રતિભાસંપન્ન પ્રાધ્યાપક-સંશોધક પ્રો. સત્યેન બોઝની પુણ્યતિથિ - ૪-૨-૧૯૭૪.માતૃભાષા દ્વારા વિજ્ઞાન શીખવવા, 'બંગ વિજ્ઞાન પરિષદ'ની સ્થાપના કરી. પરમાણું રચનામાં પ્રાથમિક કણઓના એક વિભાગને 'બોઝોન' નામાધિકારણ તેમનું અમર નામ બતાને છે.
- ૧૯૧૭ - અમદાવાદ ખાતે ગાંધીજીના પ્રમુખપદે 'ગિરમીટ' પ્રથા વિરૂધ્ધ સભા મળી.



- ૧૯૪૪ - રાષ્ટ્રીય ઝંડાની છાયામાં ઊભા રહીને સુભાષચંદ્ર બોઝે 'દિલ્હીના કિલ્લા' તરફ કૂચ કરતાં 'આઝાદ હિંદ ફૌજ'ને આદેશ કર્યો.